ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"હવે તો હદ થાય છે હદ..!!"

"કેમ આટલામાં જ થાકી ગયા..?! કંટાળી ગયા..?!, હજી તો પહેલી જ ઓવર છે..!!"

"અરે ઓવર પહેલી હોય કે છેલ્લી હોય..! રમતમાં નિયમ હોય - નિયમમાં રમત ના હોય..!"

"અં...હં... એટલે..?! કહેવું છે શું..?! ફોડ પાડો તો ખબર પડે..!!"

"સાહેબ..! આ જાતિવાદના સમીકરણો ક્યાં જઈને ઉભા રહેશે..?! સમાજ વહેંચાઈ રહ્યો છે વહેંચાઈ..!, ચૂંટણી તો કાલ પુરી થઈ જશે..! આ વેરના વાવેતર કેવા ઉગી નીકળશે..! એ તો સમજો કંઈ..!!"

"ઓ...હો... હવે સમજાયું..! આજ સુધી તમે સોશિયલ એન્જિનિયરીંગના નામે જાતિગત સમીકરણો ગોઠવ્યા..! પટેલોની વસ્તી વધારે છે પટેલ ઉમેદવાર રાખો..! ઠાકોરની વસ્તી વધારે છે ઠાકોર રાખો..! કોળીની વસ્તી છે કોળી રાખો..! ક્યાં કોઈની જોઈ છે સેવા-નિષ્ઠા..?! ક્યાં માપી છે કોઈની વફાદારી..?! અને ક્યારે ચકાસી છે કોઈની ક્ષમતા..?! હવે આજે..?!"

"કેમ... કેમ... કેમ..?!"

"હા એ તો... વાવ્યું તેવુ લણો..!! અમે ઉત્તર ગુજરાતમાં ઓબીસી કાંડ ખેલીશુ..! અમે પટેલ વોટબેન્ક તુટવા નહી દઈએ..! અમને વાંધો છે પણ અમુક મંત્રીઓ રાખીશુ..! ફલાણાની લાયકાત નથી પણ એને સાચવવો છે એટલે તેને લઈશુ..! આજ બધુ... આજ બધુ... તમારી સામે આવ્યું છે..! કર્યા ભોગવો..!!"

"ના...ના..! તમે સાવ એવું ના બોલો..! અમારા ચાણક્યની ગણતરી હોય તેને તમે જાતિગત સમીકરણ કહો છો..?! યોગ્ય સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપીએ એમાં તમને જાતિવાદ દેખાય છે..?! અમે દરેક સમાજને વીણી વીણીને સમાવીએ એમાંય તમને સમાજ વહેંચવાની વૃત્તિ લાગે છે..?! અમે તો એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્ન સાથે કાર્યરત છીએ..!!"

"હા... સાહેબ...હા..! એજ વાંધો છે..! તમારા સ્વપ્ના શ્રેષ્ઠ છે..! તમારા વચનો સર્વશ્રેષ્ઠ છે... તમારી વાતોથી અમે અંજાઈ જઈએ છીએ..! પણ ભીતરના ખેલથી ખળભળી જઈએ છીએ..! તમારી અંદરની અને બહારની દુનિયા જુદી છે..! લડાઈ એની છે..!!"

"અરે વાહ..! એન્જ્યોગ્રાફીનો રીપોર્ટ છે કે જાદુના પ્રયોગથી જાણ્યુ..?! અમે અંદરેય એજ છીએ અને બહાર પણ એજ છીએ..!! અમારો માર્ગ છે રાષ્ટ્રવાદી વિચારધારાનો..! અમારો માર્ગ છે ભારતીય સંસ્કૃતિનો ધ્વજ વિશ્વના ગુંબજે લહેરાવવાનો..! અને અમારો માર્ગ છે વિકાસનો..!!"

"એટલે જાદુગરોને બોલાવ્યા..?! સાહેબનો જાદુ ઓસરી ગયો..?! તે આટલા બધા જાદુગર બોલાવવા પડ્યા..?! અને તમે તો ટેકનોલોજીનો વિકાસ કર્યો છે..! તમે અધધધ... વિકાસ કર્યો છે..! એ

● અનુસંધાન પાન-૫ પર



ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર ચાર રસ્તા મહારાણા પ્રતાપ સર્કલ પાસેથી આજે રાજપૂત સમાજના યુવાનોની જંગી બાઈક રેલી નીકળી હતી. તેઓએ ગાંધીનગર શહેરમાં આવેલા થિયેટર્સના માલિકોને આવેદન પત્ર આપી પદમાવતી ફિલ્મ રીલીઝ નહી કરવા ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું. તો બીજી તરફ રાજયના મુખ્યમંત્રીએ રાજયમાં વિવાદો પુરા ન થયા ત્યાં સુધી પદમાવતી ફિલ્મ ગુજરાતમાં નહીં દેખાડાય, તેમજ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખોરવાય નહી તે માટે રાજયના મુખ્યમંત્રી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના મુખ્યમંત્રીના આ નિર્ણયને રાજપૂત સમાજના યુવાનો તેમજ વિવિધ સંગઠનો દ્વારા આવકારવામાં આવ્યો છે.

# રાજ્યમાં અત્યાર સુધીમાં એક કરોડ નવ લાખની રોકડ જપ્ત

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં ફ્લાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા તેમની કામગીરીનો આરંભ કરી દીધો છે. આ ટીમોએ અત્યાર સુધીમાં રૂ. ૧.૬૧ કરોડની રોકડ રકમ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે તેમની સાપ્તાહિક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હાલ રાજ્યમાં ૬૦૪ સ્ટેટીક સર્વેલન્સ ટીમો અને ૫૫૫ ફ્લાઈંગ સ્કવોર્ડ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

તમામ જિલ્લાઓ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી (ડીઈઓ)ની કચેરી ખાતે ટોલ ફ્રી નંબર સાથે કંટ્રોલ રૂમ અને કોલ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્યના શહેર/જિલ્લાઓ ખાતે જિલ્લાસ્તરના નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. તેમજ જિલ્લાસ્તરે ખર્ચ નિરીક્ષણ સેલની રચના કરવામાં આવી છે. ફ્લાઈંગ સ્કવોર્ડ અને એસએસટી દ્વારા જપ્ત કરવામાં આવેલી રોકડ રકમની સમીક્ષા-ચકાસણી કરીને, તે અંગે યોગ્ય નિર્ણય કરવા માટે જિલ્લાસ્તરે સમિતિની રચના કરવામાં આવી છે.

રાજ્યમાં ચૂંટણી દરમ્યાન ખર્ચ પર દેખરેખ રાખવા તથા નશાબંધી-આબકારીની કામગીરી સંબંધે કાયદાનું અમલીકરણ કરતી સંસ્થાઓ જેવી કે, આવકવેરા, વાહનવ્યવહાર વિભાગ, વન વિભાગ, નશાબંધી અને આબકારી વિભાગ સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે. રાજ્યની આંતરરાષ્ટ્રીય અને આંતર રાજ્ય જળ અને જમીન સીમાઓથી થતી ગેરગકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા બીએસએફ, કોસ્ટગાર્ડ, નારકોટીક્સ બ્યુરો તેમજ રાજ્યના વિમાન મથકોએ તકેદારી રાખવા સીઆઈએસએફ સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં ફ્લાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા રોકડ રકમ અને સોનુ જપ્ત કરવાના ૧૪ કેસ નોંધાયા છે. જે પૈકી બનાસકાંઠા-અમદાવાદ શહેર, છોટાઉદેપુર, પાટણ, જામનગર, ભાવનગર અને નવસારીમાં એક-એક, જ્યારે મોરબીમાં ચાર અને ખેડામાં ત્રણ કેસ નોંધી કુલ રૂ. ૧.૬૫ કરોડની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે. ઉપરાંત વિદેશી દારૂના ચાર કેસમાં રૂ. ૧,૦૯,૩૮૦ની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે.

# જિલ્લામાં ત્રણ દિવસમાં ૩ ફોર્મ ભરાયા

## જંગ લડવા ૧૭૫ ઈચ્છુકો દ્વારા ઉમેદવારી પત્રો લઈ જવાયા : માણસામાં સૌથી વધુ ઈચ્છુકો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારીપત્ર ભરવાના ત્રીજા દિવસે વધુ બે ઉમેદવારી પત્રો ભરાયા છે. કલોલ અને ગાંધીનગર (દ) બેઠક પર આ ઉમેદવારીપત્રો ભરાયા છે. ત્રણ દિવસ દરમ્યાન ૧૭૫ જેટલા ઉમેદવારીપત્રો ઈચ્છુકો દ્વારા ઉપાડવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર (દ) બેઠક પર બસપાના ઉમેદવાર જાદુગર પિયુષભાઈ ચતુરભાઈએ ત્રણ સેટમાં તેમના ઉમેદવારી પત્ર ભર્યા છે. જ્યારે કલોલ બેઠક પર આપણી સરકાર પાર્ટી નામના પ્રાદેશિક પક્ષ તરફથી અજીતાબેન વી. ઓઝાએ ઉમેદવારી પત્ર ભર્યુ છે. ગઈકાલે ગાંધીનગર (ઉ) બેઠક પર એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. આમ જિલ્લાની પાંચ બેઠક માટે ૩ ઉમેદવારોએ અત્યાર સુધીમાં ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લાની પાંચ બેઠકોનો ચૂંટણી જંગ લડવા માટે અત્યાર સુધીમાં ૧૭૫ જેટલા ઈચ્છુકો દ્વારા ફોર્મ તંત્ર પાસેથી લઈ જવાયા છે. પ્રથમ દિવસે ૭૩, ગઈકાલે ૪૭ અને આજે ૫૫ ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારીઓ પાસેથી ઈચ્છુકો દ્વારા લઈ જવામાં આવ્યા છે.

બન્ને મુખ્ય પક્ષો દ્વારા રજુ ઉમેદવારોના નામોની ઘોષણા કરવામાં આવી નથી. મળતી વિગતો પ્રમાણે આ વખતે સૌથી વધુ અપક્ષો ચૂંટણી જંગમાં ઝંપલાવશે તેવુ ગણિત રાજકીય વર્તુળોમાં ચાલી રહ્યુ છે. આજે પણ સૌથી વધુ ઉમેદવારીપત્રો માણસા બેઠક પર લઈ જવામાં આવ્યા છે. આ પછી કલોલમાં ૧૩, ગાંધીનગર (દ)માં ૧૧, ગાંધીનગર (ઉ)માં ૫ અને દહેગામમાં ૭ ઈચ્છુકો ઉમેદવારોએ ફોર્મ લીધા છે.

જિલ્લામાં આ વખતે પાંચેય બેઠકો પર રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો ઉપરાંત અપક્ષો વચ્ચેનો જંગ રોચક બનશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લામાં ૧૪ મતદાન મથકો ખર્ચ માટે સંવેદનશીલ કેટેગરીમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૧૪ મતદાન મથકો ખર્ચની દષ્ટિએ સંવેદનશીલ કેટેગરીમાં હોવાનું તારણ આજે ખર્ચ નિરીક્ષકો સાથેની બેઠકને અંતે તંત્રએ નિયત કર્યુ છે.

આ ૧૪ મતદાન મથકોમાં ૮ કલોલ વિધાનસભા મતવિસ્તાર અને ૬ ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારના છે. ત્રણ મતદાર વિભાગો માટે હજુ ચર્ચાઓ અને અભ્યાસ ચાલી રહ્યાનું જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સ્વીકાર્યું છે.

તેમણે જણાવ્યુ છે કે ઉમેદવારોની ઘોષણા અને ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા પછી કેટલાક ફેરફારો આ મતદાન મથકોની સંખ્યામાં થવાની શક્યતાઓ છે.

જિલ્લામાં ખર્ચ પર નિયંત્રણ માટે આવેલા નિરીક્ષકો દ્વારા બેઠકોનો દોર ચાલુ હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ કે જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડની ૨૧ તથા વી.એસ.ટી.ની ૨૧ ટીમો કાર્યરત કરી દેવામાં આવી છે. ગઈકાલે જે રકમ પકડાઈ છે તે અંગે એફ.આઈ.આર. કરી દેવામાં આવી છે તેમજ ઈન્કમટેક્ષને પણ જાણ કરી દેવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે પેઈડ હોર્ડિંગ્સ માટેના ભાવ પણ નિયત કરવામાં આવેલા છે. તેમણે જણાવ્યુ હતુ કે આદર્શ આચારસંહિતાના અમલમાં કોઈપણ તબક્કે ક્યાંય પણ ચૂક ન થાય તે માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

# ચોટીલાના ધારાસભ્ય શામજી ચૌહાણનું ભાજપમાંથી રાજીનામુ

## ટિકિટ ફાળવણીને લઇને અસંતોષ યથાવત : ઉમેદવારી કરવાની તક ન મળતા પક્ષથી રાજીનામુ આપ્યુ

અમદાવાદ, તા. ૨૨

ભાજપ દ્વારા જાહેર કરવામા આવેલી ઉમેદવારોની ત્રીજી યાદી બાદ પક્ષમાંથી વિરોધના સૂર વધુને વધુ પ્રબળ બનતા જાય છે.ભાજપના ચોટીલા બેઠકના સીટીંગ ધારાસભ્ય શામજી ચૌહાણ દ્વારા આજે પક્ષ તરફથી ઉમેદવારી કરવાની તક આપવામા ન આવતા નારાજ થઈ રાજીનામુ આપી દેવામા આવ્યું છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,ભાજપ દ્વારા પ્રથમ તબકકામાં યોજાનારી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.જેમાં ભાજપ દ્વારા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા બેઠકના વર્તમાન ધારાસભ્ય અને સંસદીય સચિવ શામજીભાઈ ચૌહાણની ટિકીટ કાપવામા આવી છે. ભાજપ દ્વારા શામજી ચૌહાણના સ્થાને નવા ચહેરા તરીકે ઝીણાભાઈ નાઝાભાઈને ટિકીટ ફાળવવામા આવી છે.

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નીફ્ટ), ગાંધીનગર
(કાપડ મંત્રાલય, ભારત સરકાર)
નિફ્ટ કેમ્પસ, ઈન્ફોસીટીની પાછળ, ઘ-૦ રોડ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭.

હસ્તકલા ચીજ વસ્તુનાં પ્રદર્શન-સહ-વેચાણ કેન્દ્રની મુલાકાત માટે જાહેર નિમંત્રણ


ગુજરાતની વિવિધ કલાઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે "ક્રાફ્ટ બાઝાર ૨૦૧૭" પ્રદર્શનનું આયોજન કરેલ છે. આ પ્રદર્શન-સહ-વેચાણ નીફ્ટ ગાંધીનગરનાં પ્રાંગણમાં તારીખ ૨૩ અને ૨૪ નવેમ્બરનાં રોજ સમય ૧૦:૦૦ થી ૬:૦૦ સુધી યોજાશે જેમાં ગુજરાતનાં કારીગરો વિવિધ હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન, નિદર્શન અને વેચાણ કરશે જેની મુલાકાત લેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

નિયામક




Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Appartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

રાળનો મલમ
ચામડીના કોઈપણ પ્રકારના સાધ્ય કે અસાધ્ય રોગનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
૨૫૦ ગ્રામ કિંમત રૂા.૧૦૦-૦૦
રાળનુ તેલ
ખરતા વાળ, ખોડો કે માથાની ગરમીનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
૨૦૦ ગ્રામ કિંમત રૂા.૧૧૦-૦૦
હિરાબા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ
Mo.97234 61399
ફ્રી હોમ ડીલીવરી
દાઝી ગયેલાને રાળનો મલમ વિના મૂલ્યે મળશે




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com